# અંબામા આરતી - જય આદ્યા શક્તિ

જય આદ્ય શક્તિ મા જય આદ્ય શક્તિ અખંડ બ્રહ્માંડ દીપાવ્યા, પડવે પ્રકટ્યા મા … ઓમ

Jay Adhya shakti Maa jay Adhya shakti
Akhand brahmand dipaavya, padve pragatya Maa .. Om.

દ્વિતીયા બે સ્વરૂપ, શિવ શક્તિ જાણું બ્રહ્મા ગણપતિ ગાવે, હર ગાયે હર માં … ઓમ

Dvitiya be swarup Shivshakti janu(2)
Brahma Ganapati gaave(2) har gaave har Maa....Om

તૃતિયા ત્રણ સ્વરૂપ, ત્રિભુવનમાં બેઠા ત્રયા થકી તરવેણી તું તરવેણી માં … ઓમ

Tritiya tran swarup tribhuvan ma betha(2)
Traya thaki Tarveni(2) tu Tarveni Maa....Om

ચોથે ચતુરા મહાલક્ષ્મી મા, સચરાચર વ્યાપ્યા ચાર ભૂજા ચૌ દિશા, પ્રકટ્યા દક્ષિણમાં … ઓમ

Chothe chatura Mahalaxmi Maa sachrachar vyapya(2)
Chaar bhuja chou-disha(2)pragatya dakshin Maa...Om

પંચમે પંચ ઋષિ, પંચમી ગુણ પદ્મા પંચ તત્વ ત્યાં સોહીએ, પંચે તત્વોમાં … ઓમ

Panchami panch rushi panchmi gun padma(2)
Panch sahastra tya sohiye(2) Panche tatvo Maa..Om

ષષ્ઠી તું નારાયણી, મહિસાસુર માર્યો નર નારીના રૂપે, વ્યાપ્યા સર્વે મા … ઓમ

Shashthi tu Narayani Mahisasur maryo(2)
Narnari na roope(2) vyapya saghde Maa....Om

સપ્તમી સપ્ત પાતાલ, સાવિત્રી સંધ્યા ગૌ ગંગા ગાયત્રી, ગૌરી ગીતા મા … ઓમ

Saptami sapta patal sandhya Savitri(2)
Gau Ganga Gayatri(2) Gauri Geeta Maa....Om

PORTLAND PANDIT

અષ્ટમી અષ્ટ ભૂજા, આઈ આનંદા સુરિ નર મુનીવર જનમ્યા, દેવ દૈત્યોમાં … ઓમ

Ashthami ashth bhuja aayi ananda(2)
Sunivar munivar janamya(2) Dev daityo Maa....Om

નવમી નવકુળ નાગ, સેવે નવદુર્ગા નવરાત્રીના પૂજન, શિવરાત્રીના અર્ચન, કીધા હર બ્રહ્મા … ઓમ

Navmi nav kul naag seve Nav Durga(2)
Navratri na poojan Shivratri na archan kidha har Brahma...Om

દશમી દશ અવતાર, જય વિજયા દશમી રામે રામ રમાડ્યા, રાવણ રોળ્યો મા … ઓમ

Dashmi dash avtaar jay Vijyadashmi(2)
Rame Ram ramadya(2) Ravan rodyo Maa....Om

એકાદશી અગિયારસ, કાત્યાયની કામા કામદુર્ગા કાલિકા, શ્યામા ને રામા … ઓમ

Ekadashi agiyaras katyayini kama (2)
Kaam Durga Kalika(2) Shyaama ne Raama....Om

બારસે બાળા રૂપ, બહુચરી અંબા મા બટુક ભૈરવ સોહીએ, કાળ ભૈરવ સોહીએ, તારા છે તુજ મા … ઓમ

Baarse bala roop Bahuchari Ambe Maa(2)
Batuk bhairav sohiye, kaal bhairav sohiye, taara chhe tuj Maa...Om

તેરસે તુળજા રૂપ, તમે તારુણી માતા બ્રહ્મા વિષ્ણુ સદાશીવ, ગુણ તારા ગાતાં … ઓમ

Terse tulja roop tame Taruni Maata(2)
Brahma Vishnu sada Shiv(2) gun tara gata....Om

ચૌદશે ચૌદ સ્વરૂપ, ચંડી ચામુંડા ભાવ ભક્તિ કંઇ આપો, ચતુરાઇ કંઇ આપો, સિંહવાહીની મા … ઓમ

Chaudashe chauda swaroop Chandi Chamunda(2)
Bhhav bhakti kai aapo, chaturai kai aapo, Sinhvahini Maa ...Om

પૂનમે કુંભ ભર્યો, સાંભળજો કરુણા વશિષ્ઠ દેવે વખાણ્યા, માર્કંડ દેવે વખાણ્યા, ગાઇએ શુભ કવિતા … ઓમ

Pooname kumbh bharyo sambhadjo karuna(2)

PORTLAND PANDIT

Vashishtha deve vakhanya, Markand deve vakhanya, gaaye shubh kavita....Om

સંવત સોળ સત્તાવન, સોળસે બાવીસમાં સંવત સોળે પ્રગટ્યા, રેવાને તીરે, મા ગંગાને તીરે … ઓમ

Savant sod satavan solse baavis Maa(2)
Savant sole pragatya(2) revane tire. Maa Ganga ne tire....Om

ત્રંબાવટી નગરી, મા રૂપાવતી નગરી સોળ સહસ્ત્ર ત્યાં સોહીએ, ક્ષમા કરો ગૌરી, મા દયા કરો ગૌરી … ઓમ

Trambavati nagari Maa Roopavati nagari(2)
Sol sahastra tya sohiye(2) Kshama karo Gauri, Maa daya karo Gauri....Om

શિવશક્તિની આરતી જે કોઇ ગાશે, જે ભાવે ગાશે

ભણે શિવાનંદ સ્વામી, સુખ સંપત્તિ થાશે,

હર કૈલાસે જાશે, મા અંબા દુઃખ હરશે … ઓમ

Shiv Shakti ni aarti je koi gaashe, maa je bhaave gashe,
Bhane Shivanand Swami(2) Sukh sampati thaashe
har Kailase jase, Maa amba dukh harse....Om

એ બે એક સ્વરૂપ, અંતર નવ ગણશો

ભોળા ભવાનીને ભજતાં, ભવસાગર તરશો … ઓમ

Ee be ek swarup antar nav dharsho(2)
Bhola Bhavani ne bhajata(2) Bhavsagar tarsho....Om

PORTLAND PANDIT